અપીલ અરજી નં.૧૯૩ તા.૨૨–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલાની તા.૧૮–૭–૦૯ ની અરજીથી તા.૧૯–૩–૧૯૯૭ પહેલા શહેર વિકાસ અધિકારીની અનુ.જનજાતિના ઉમેદવાર માટે સુરત મહાનગરપાલિકા કચેરીએ કેટલીવાર વર્તમાન પત્રો કે અન્ય રીતે જાહેરાતો બહાર પાડી? કેટલા ઉમેદવારોએ અરજી કરી? કેટલા ઉમેદવારોને ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવ્યા અને તે અંગે શું નિર્ણયો કરવામાં આવ્યા ? તે તમામના પુરાવાઓ સહિત કરવામાં આવેલ ખાતાકીય કાર્યવાહીઓના રીપોટીંગની પ્રમાણીત નકલો વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૨–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૯૩/૨૦૦૯–૧૦

શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલાની તા.૧૮–૭–૦૯ ની અરજીથી તા.૧૯–૩–૧૯૯૭ પહેલા શહેર વિકાસ અધિકારીની અનુ.જનજાતિના ઉમેદવાર માટે સુરત મહાનગરપાલિકા કચેરીએ કેટલીવાર વર્તમાન પત્રો કે અન્ય રીતે જાહેરાતો બહાર પાડી? કેટલા ઉમેદવારોએ અરજી કરી? કેટલા ઉમેદવારોને ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવ્યા અને તે અંગે શું નિર્ણયો કરવામાં આવ્યા ? તે તમામના પુરાવાઓ સહિત કરવામાં આવેલ ખાતાકીય કાર્યવાહીઓના રીપોટીંગની પ્રમાણીત નકલો વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી બાબતે આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૦૯ તા.૩૦–૯–૦૯ ના રોજ ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) અને અરજદારને અધૂરી માહિતી મળેલ છે જે અંગે મળેલી માહિતીની નકલ રજૂ કરેલ નથી જે રજૂ કરવી તથા તેમાં કયા મુદ્દાની માહિતી અધૂરી અને કયા મુદ્દા અંગે નારાજગી છે અને કોને કઈ બાબતે તે સ્પષ્ટતા કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક નં.જીએડી/ઈએસટી/૧૮૬૦ તા.૧૭–૯–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં રીકૃટમેન્ટ તરફથી નં.જીએડી/ઈએસટી/આર/૩૬૬ તા.૨૨–૭–૦૯ નો તબદીલ પત્ર, અરજદારની તા.૧૮–૭–૦૯ ની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, રેકર્ડ નાશ અંગેની નકલ, તા.૧૯–૩–૯૭ નો શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિભાગનો પત્ર, તા.૨૨–૬–૯૯ ની જાહેરાતની અંગ્રેજી/ગુજરાતીની નકલ, નં.સી.૨૫૫ તા.૫–૬–૨૦૦૦ ની દરખાસ્તની નકલ, તા.૮–૬–૨૦૦૦ ના રોજ થયેલ સ્થા.સ. ઠરાવ નં.૮૭૫ ની નકલ, નં.જીએડી/ઈએસટી/૮૮૮ તા.૧૭–૬–૨૦૦૦ ના ઓર્ડરની નકલ, તા.૨૬–૬–૨૦૦૦ ના રોજ સા.સ. ઠરાવ નં.૩૪૩ ની નકલ, નં.જીએડી/ઈએસટી/૧૪૭૮ તા.૧૮–૮–૦૯ ની માહિતી મેળવી લેવા અરજદારને પાઠવેલ પત્રની નકલ, તથા નં.જીએડી/ઈએસટી/૧૫૮૯ તા.૨૬–૮–૦૯ ના રોજ અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે. તેવી માહિતી અરજદારને સરખી તારીખ અને વિષય વસ્તુ અંગે અપીલ નં.૧૭૨ માં પૂરી પાડવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૭–૦૯ ની અરજી બાબતે અપીલ અરજી નં.૧૭૨ માં આરટીઆઈ સેલ/૭૪૩ તા.૮–૧૦–૦૯ થી વિગતવાર વિવરણ કરી હુકમ કરવામાં આવેલ છે એક જ તારીખની સરખા વિષય વસ્તુ અંગે બીજો કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ સદર અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ.)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ).... જાણ તથા અમલ માટે.

(૨) શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલા,